વર્ષ ૭૫ અંક 3

ૐ શ્રીં જય માઈ
શ્રી માઈ બ્રહ્મલીન શ્રી માઈધર્મ આદ્ય સંસ્થાપક
શ્રી આદ્યમાઈ જગતગુરુદેવ
કનિષ્ઠ કેશવ મહારાજ સંસ્થાપિત
શ્રી માઈધર્મનું મુખપત્ર



# શક્તિ



## પ્રાગટ્ય દિને કોટી વંદન...

હે પતિત પાવન કેશવ માઈ!

અવનીના આરે તુજ અવતરણની શતાબ્દી પૂર્ણ થઈ ગઈ. પણ આ જન્મની ક્રિયા નહીં પણ અવતરણની પ્રાગટ્યની લીલા હતી. જેથી આજ વરસો પછી પણ વીસરાઈ નથી. અને વિશરાશે પણ નહીં. કારણ તારા પ્રાકટ્યથી પ્રગટેલી જ્યોતના પ્રકાશમાં જગતે શક્તિના માતૃત્વનું દર્શન કર્યું. સમય સંજોગે તૂટી જાય એવા સાધક-ઉપાસક-યોગી-સંત-સિદ્ધ-ભક્તના બંધનોને મુકાવી તે મા સાથે અતુટ નિર્મલ એવું બાલકનું બંધન બંધાવી. મા-બાલકના અતુટ રીશ્તે બાંધી માઈબાલક બનાવી માના ખોળાના અધિકારી બનાવ્યા. કારણ ખોળો ખુંદવાનો અધિકાર કેવળ બાલકને જ મળે છે. માના ખોળે અમને રમતાં કરનાર હે પતિત પાવન દેવ ! કોટી વંદના તુજ પ્રાગટ્યદિને.

- માઈ બાલુડા



| | | | | | |
|---|---|---|---|---|---|
| **વાર્ષિક** | **લવાજમ** | રૂા. ૪૦-૦૦ | **આજીવન** | રા. | ૪૫૧/- |
| **પરદેશ** | | (એરમેલ) | ૧૫ | | પાઉન્ડ |

**તંત્રી** : શ્રી ભગવતી કેશવભવાની મહારાજ **ફોન** : ૨૫૫૮૦૮૧, ૨૫૫૮૪૮૨






ૐ શ્રી માઈ ક્લીં કેશવાય નમઃ

## શ્રીમાઈ બ્રહ્મલીન શ્રી આદ્યમાઈ જગતગુરુ દેવ

### પ.પૂ. ૧૦૦૮ શ્રી કનિશ્ઠ કેશવ મહારાજ



# પ્રાગટ્ય દિન મહોત્સવ

### દિક્ષાદિન મહોત્સવ

## નિમંત્રણ

માના બાલુડાં, પરામ્બા શ્રીમાઈની કૃપા તથા સદ્ગુરુદેવના આશીર્વાદથી, શ્રીમાઈ ધર્મ આદ્યપીઠસ્થાન પરંપરા અનુસાર ઉજવાતો શ્રી આદ્યમાઈ જગતગુરુદેવ પ્રાગટ્ય દિન મહોત્સવ જે માઈધર્મનો દિક્ષાદિન પણ છે એ દિવ્ય મહોત્સવ **સંવત ૨૦૬૬ માગશર વદ-૨ તા. ૪-૧૨-૦૯ શુક્રવાર ના રોજ પ.પૂ. ૧૦૦૮ શ્રી માઈ જગતગુરુ ભગવતી કેશવ ભવાની મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવનાર છે.** તો આપ સર્વને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

આવો અને અન્યને સાથે લાવો આપણને સૌને માના ખોળે બેસાડી માઈબાલક બનાવનાર આપણી એ કેશવમાઈ ચરણે આપણી શ્રદ્ધા ભક્તિના સુમન અર્પીત કરવા એકત્ર થઈએ.

આવો આપના આગમનની રાહ જોઈએ છીએ

**દર્શનાભિલાષી**

**શ્રીમાઈધર્મ આદ્યપીઠસ્થાન ટ્રસ્ટી મંડળ • શ્રીમાઈધર્મ આદ્યપીઠસ્થાન સેવક મંડળ**

**શ્રીમાઈધર્મ આદ્યપીઠસ્થાન પરિવાર**

**નોંધ :** જેમને મંત્રદિક્ષા પ્રાપ્ત કરવી હોય (ગુરુ બનાવવા હોય) તેમને આ દિવસે જ ધર્મપીઠમાં ગુરુગાદી પર દિક્ષા પ્રદાન થાય છે તો અગાઉથી નામ નોંધ કરાવવા વિનંતી.

## કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| સવારે | ૬ થી ૮ | : | મંત્રગાન, ભજનાનંદ |
| સવારે | ૮ થી ૯ | : | શ્રીમાઈ મંગલા આરતી |
| સવારે | ૯ થી ૧૦ | : | શ્રીમાઈબાલ સમુહ પ્રાર્થના |
| સવારે | ૧૦ થી ૧૦-૩૦ | : | પ.પૂ. શ્રીમાઈજગતગુરુદેવ દ્વારા શ્રી આદ્યમાઈ જગતગુરુદેવ વૈદિક પૂજા |
| સવારે | ૧૧ થી ૧ | : | સદ્ગુરુપૂજન, ભજનાનંદ, પ્રાસંગીક પ્રવચન, આર્શીવચન |
| બપોરે | ૧ થી ૪ | : | ધજા અર્પણ, પ્રસાદ ગ્રહણ, મંત્રદીક્ષા |
| સાંજે | ૪ થી ૭ | : | મહીલા મંડળ દ્વારા ભજન - કીર્તન |
| સાંજે | ૭ થી ૮ | : | શ્રી માઈ સાયં આરતી |

## આત્માનો તિરસ્કાર

આત્મા આનંદનું સ્વરૂપ, શાંતિ સ્વરૂપ, અભય સ્વરૂપ છે. આવા આત્મદેવ અંતરમાં બિરાજમાન હોવા છતાં બહારના જગતમાં સુખ, શાંતિ, સલામતીની ભીખ માંગવી એ તો આત્માનો તિરસ્કાર છે. વળી મારો જે આત્મા છે તે સચ્ચિદાનંદ સર્વનો આત્મા છે. તેથી રાગ અને દ્વેષ અને તેમાંથી જન્મેલ આવેગોથી પ્રેરાઈને અન્ય કોઈ જીવમાત્રનો મન, વચન કે કાયાથી દ્વેષ કે તિરસ્કાર કરવો કે તેને પીડા પહોચાડવી તે પણ આત્માનો જ તિરસ્કાર છે. તદુપરાંત આત્માની પ્રાપ્તિના એકમાત્ર સાધનરૂપ માનવદેહનો આત્મપ્રાપ્તિને બદલે ભોગપ્રાપ્તિમાં જ ઉપયોગ કરીએ તો તે પણ આત્માનો જ તિરસ્કાર છે. આમ અજ્ઞાન અને અવિવેકને કારણે આપણે આત્માનો, આપણો પોતાનો જ તિરસ્કાર સતત કરતા હોઈએ છીએ. આત્માના યર્થાથ સ્વરૂપના વિવેકપૂર્ણ આવા આત્મતિરસ્કારથી બધીએ, આપણને મળેલા દુર્લભ માનવદેહને આત્મપ્રાપ્તિમાં પ્રયોજીએ તો આત્માનો આદર થાય.

ચાલો! પ્રયત્ન તો કરીએ....





# શ્રી માઈ ધ્યાન યોગ શિબિર

માના બાલુડાં, સદ્ગુરુદેવના સાનિધ્યમાં આશીર્વાદ અને માર્ગદર્શનથી આરાધના - ઉપાસના - સાધનાના પગથીયા ચઢી ધ્યાન ધરી માઈ ને યોગ્ય થવાનો અવસર, માઈ આરાધક માઈસાધક માઈ ઉપાસકથી આગળ વધી માઈ યોગી બનવાનો અવસર એટલે જ ''શ્રીમાઈ ધ્યાન યોગ શિબિર'' અહી પ્રાપ્ત કરેલું શીખેલું જીવનમાં ઉતારી આચરણમાં મુકાય ત્યારે માની કૃપાની પ્રાપ્તી થાય છે માઈ ધ્યાનયોગી બનવાથી ચમત્કારોની સિદ્ધિ નહી મળે પણ માને યોગ્ય બની જીવનના આપત્તિ વિપત્તી સમયે સહજ રીતે માનવ બની સહન કરવાની શક્તિ મળે છે. આછે માઈધ્યાન યોગ શિબિર જ્યાં આપણામાં આપણા સદ્ગુરુદેવ ધ્યાન યોગના બીજારોપણ કરે છે જેનું સિંચન જતન આપણે કરી કૃપાના મીઠા ફળ પ્રાપ્ત કરવાના છે.

તો આવો માઈધ્યાન યોગ શિબિરમાં

**પ્રારંભ :**

**માગશર સુદ ૧૫ તા. ૨-૧૨-૦૯ બુધવાર**

**પૂર્ણાહૂતિ :**

**માગશર વદ ૨ તા. ૪-૧૨- ૦૯ શુક્રવાર**

---

- *જેનુ મન વધુ સ્વસ્થ, વધુ પ્રસન્ન છે તે વધુ વિકાસ પામેલો મનુષ્ય છે. જેનું મન અસ્વસ્થ છે, બર્હિમુખ છે, ક્રોધિત છે, તે અલ્પવિકાસ પામેલા મનુષ્ય છે. આમ જીવનની સફળતાનો આંક મનની સ્વસ્થતા પ્રસન્નતાથી નક્કી થવો જોઈઓ નહીં કે ભૌતિક જગતમાં પોતે કેટલું મેળવ્યું છે તેનાથી.*

# શ્રીમદ્ દેવી ભાગવત કથા

માના બાલુડાં, આપણા સદ્‌ગુરુદેવ ૧૧૦૦ કથાઓનો સંકલ્પ કર્યો છે જેમાંથી ૧૦૮૮ કથા આજ પર્યંત થયેલ છે.

૧૦૮૯મી કથા ધનસુરાના આંગણે શ્રી વિશ્વકર્મા મંદિર લાભાર્થે આગામી પોષમાસમાં યોજાનાર છે. હવે ફક્ત ૧૧ કથાઓજ બાકી છે જેમાંથી આ એક કથા સાબરકાંઠા માં યોજાનાર છે તે સમગ્ર સાબરકાંઠાના માઈભક્તો ને આ કથાનો લાભ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

આ કથાને ભવ્ય અને અવિસ્મરણીય એક યાદગાર મહોત્સવ રૂપ બનાવવા અમો ધનસુરાના માઈબાલુડા તથા દેવી ભાગવત આયોજન સમિતિ આપ સર્વની સેવા સહકારની આશા રાખીએ છીએ.

**કથા પ્રારંભ : ૧૯-૧૨-૦૯ શનિવાર**

**કથા પૂર્ણાહૂતિ : ૨૭-૧૨-૦૯ રવિવાર**

**કથા સ્થળ :**

શ્રી કેશવ ભવાની ધામ,
એલ.આઈ.સી. ઓફીસ પાછળ,
મોડાસા રોડ, વિશ્વકર્મા મંદિર સામે, ધનસુરા (સા.કાં.)

**વધુ જાણકારી માટે :**

વિશ્વકર્મા મંદિર : મો. ૯૪૨૮૭ ૭૪૪૪૩

| | | | |
|---|---|---|---|
| મહેશભાઈ પંચાલ | : મો. ૯૪૨૬૩ ૩૫૮૯૬ | અલ્પેશભાઈ પંચાલ | : મો. ૯૪૨૮૧ ૩૪૮૦૩ |
| વિનુભાઈ મિસ્ત્રી | : મો. ૯૪૨૬૪ ૯૨૬૫૧ | રાકેશભાઈ પંચાલ | : મો. ૯૯૭૪૧ ૭૧૫૯૪ |
| બિપીનભાઈ પટેલ | : મો. ૯૭૨૬૯ ૮૬૯૯૨ | જતીનભાઈ પંચાલ | : મો. ૯૮૨૫૬ ૫૦૨૦૫ |
| વસંતભાઈ પંચાલ | : મો. ૯૬૨૪૬ ૭૮૮૯૫ | રાજેશભાઈ પંચાલ | : મો. ૯૮૭૯૩ ૦૩૭૧૨ |
| નવનીતભાઈ પંચાલ | : મો. ૯૪૨૬૨ ૪૯૧૫૩ | સુરેશભાઈ પંચાલ | : મો. ૯૪૨૭૬ ૯૨૦૪૩ |





# શ્રી માઈજગત ગુરુદેવ સ્વાસ્થ્ય સમાચાર

માના બાલુડાં, અકળ કલા અખીલેશની કોઈથી ના સમજાય. આપણા સદગુરુદેવની તબીયત છેલ્લા ઘણા વખતથી અસ્વસ્થ હતી. પરંતુ પોતાની દ્રઢ સંકલ્પ શક્તિ અને મનોબળ ના કારણે જ અતિશય પરિશ્રમ કરી રહ્યા હતા. ૭૨મા વર્ષમાં તેઓ પ્રવેશી ચૂક્યા છે. ઉંમર અને કઠોર પરિશ્રમ સાથે શરીર પાસેથી તેમણે વધારે પડતું કામ લીધું છે. જેના કારણે હવે શરીર પણ સાથ નથી આપતું આ હું નથી કહેતો ડૉક્ટરો કહે છે. અને ઘણા વખતથી સંપૂર્ણ આરામ કરવા જણાવે છે. પરંતુ આપણા સદ્‌ગુરુદેવનો જીવન ધ્યેય કેવળ પોતાનું જ નહીં. સમગ્ર વિશ્વનું કલ્યાણ અને માનવજાતની અરે જીવમાત્રના કલ્યાણ માટે કેવળ પ્રાર્થના નહીં પણ પ્રત્યક્ષ કાર્યો કરવા તે છે. અને તેને પરિપૂર્ણ કરવા પરિશ્રમ કરે છે. પણ હવે શરીર ઘણું અસ્વસ્થ થયું છે. છેલ્લા શ્રાવણ માસમાં વિશ્વ કલ્યાણાર્થે સવાલક્ષ રૂદ્રાક્ષ નિર્મિત મહાશીવલીંગ પૂજા મહોત્સવ સમયે જ તબીયત અસ્વસ્થ હતી. પણ, દ્રઢ સંકલ્પ અને મનોબળથી ચલાવતા હતા.પૉકિન્સનના કારણે હાથ ધ્રુજતા હતા. આ રોગનો ઈલાજ થવા માંડ્યો. પણ દવાઓની અસર-આડઅસર બંને હોય છે. જે દરેકની શારીરિક પ્રકૃતિ પ્રમાણે અસર થાય. પ.પૂ. ગુરુદેવને હાથની ધ્રુજારીમાં રાહત થઈ પણ શરીરમાં ગરમી વધી જતાં તથા અન્ય બિમારીઓ થતાં અશક્તિ વધી ગઈ હતી. આ પરિસ્થિતિ ઘણા વખતથી હતી. પણ આપણા ગુરુદેવની દ્રઢ ઈચ્છા શક્તિ અને તપશ્ચર્યા સાથે માઈ જગતના માના બાલુડાં માટે સર્વસ્વ અર્પણ કરી દેવાની મનોવૃત્તિના કારણે અવિરત કાર્યશીલ રહી સૌ માના બાળકોની

મનોકામના પૂર્ણ કરતા હતા. પરંતુ શરીર શરીરનું કાર્ય કરે જ. મશીન પણ અતિશય ઘસારાથી અટકી જાય છે. દિવાળીના દિવસોમાં જ તબિયત વધારે અસ્વસ્થ હતી પણ નૂતનવર્ષમાં સૌને હસ્તે મુખડે માના આશીર્વાદ આવ્યા હતા.

પ. પૂ. ગુરુદેવની સારવારમાં ડૉ. હેમાંગ અંબાણી, ડૉ. શ્રી આશાબેન, ડૉ. શ્રી પાનત સાહેબ, ડૉ. શ્રી આર. જે. શાહ સાહેબ સર્વ સારવાર કરતા હતા પણ દવાઓની જોઈતી અસર મળતી ન હતી. ગુરુદેવની શું લીલા હતી કે એક રોગ મટે તો બીજો શરૂ થાય. આપણા ગુરુદેવ જે શક્તિ સ્વરૂપ છે. શક્તિનો સ્ત્રોત છે. એમનાં શરીરમાં અસહ્ય ગરમી અને વેદના થવા લાગી. લોહીના પરિભ્રમણમાં તકલીફો થવા લાગી હતી. આપણા સદ્‌ગુરુદેવ જે આપણી ચિત્ત શક્તિ ચેતનાને જાગ્રત કરનાર છે. એમને માનસિક તકલીફ થવા લાગી યાદશક્તિમાં તકલીફ થઈ હતી. ભુલાઈ જાય, ભ્રમ થાય. આવી અનેક અને કપરી તકલીફો થતાં. તા. ૩૦-૧૦-૦૯ શુક્રવારના રોજ નડીઆદ ડૉ. આર.જે. શાહની દેખરેખ નીચે અંજલી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. અને સારવાર શરૂ થઈ. પણ તા. ૧-૧૧ થી તબીયત વધારે બગડી હતી. પણ ડૉ. શ્રી આર. જે. શાહ તથા ડૉ. શ્રી મયંક પટેલની સારવાર સાથે ડૉ. શ્રી વિજયભાઈ ચૌહાણની પીજીયોથેરાપી કસરત આ બધાની અસર પાંચ દિવસ પછી શરૂ થઈ. અને તા. ૭-૧૧ થી પ. પૂ. ગુરુદેવની તબીયત બગડતી અટકી ગઈ હતી અને સુધારો થવાનો પ્રારંભ થયો હતો. પણ આ દિવસો ખુબ કસોટી અને ચિંતા કરાવનાર હતા. પણ કસોટી કરનારી એ અંતે કરૂણા કરી અને સૌને શાંતિ પ્રાપ્ત થઈ. પણ હજુ તો આ શરૂઆત થઈ છે સંપૂર્ણ સ્વસ્થ થતાં તો વધુ સમય લાગશે. એમ ડૉક્ટરશ્રીઓનું કહેવું છે તા. ૧૨-૧૧-૦૯ના ગુરુવારના રોજ પ. પૂ. ગુરુદેવ આશ્રમમાં પધારી ગયા હતા.





પ. પૂ. ગુરુદેવના સમાચાર જાણી માના બાળકો અને સંતો પણ ખબર કાઢવા આવી રહ્યા હતા. ફોનથી પણ સંતોના સુભાશિષ પ્રાપ્ત થતા હતા.માના બાલુડાં માને પ્રાર્થના કરતા હતા.આજદિન પર્યંત આપણા માટે માને પ્રાર્થના કરી. આપણા પ્રારબ્ધ કર્મનું અશુભ ફળ પોતે ભોગવી. આપણને મા પાસે માંગ્યું અપાવી આપણી આપત્તી વિપત્તિ દૂર કરનાર દેવ માટે સૌએ પ્રાર્થના કરી અને માએ સૌની પ્રાર્થના સાંભળી છે. અને તબીયત સુધારા પર છે.

આ માંદગીની કોઈ લીલા જ હતી એવું લાગે છે. કારણ સંતો-સદ્‌ગુરુને વળી આવી પીડા કેમ ? તેમના કર્મો તો સૌના કલ્યાણના સત્‌કર્મો હોય છે. પણ મને એવું લાગે છે કે સૃષ્ટિના કર્મના ફળના સિદ્ધાંતોને જાળવી રાખવા. આપણા કર્મફળ રૂપ આપણી આપતી વિપત્તિ ને દૂર કરવા આપણા એ કર્મફળને પોતે લઈ લે છે. જેનું કષ્ટ તેમના શરીરને ભોગવવાનું થાય છે. ભલે ગુરુદેવ કહે કે મારા કર્મનું ફળ પણ એ તો આપણા કર્મનું ફળ છે.આ મારું માનવું છે. એટલું જ સાવધાન થઈ વિચાર કરી કર્મ કરવા એવું મારું માનવું છે. તમારું જે હોય તે. આ કેવળ આપણા સદ્‌ગુરુની વાત નથી સૌના સંતો, સદ્‌ગુરુ માટે છે. જેની છાયામાં આપણે બેઠા છીએ એ વૃક્ષ નીચે આપણે અગ્નિ સળગાવશું તો તાપ નડશે. અને મૂળમાં જળનું સિંચન કરીશું તો ઝાડને નુકસાન નહીં થાય. હવે વિચારવાનું આપણે છે કે અગ્નિ પેટાવી તાપ કરવો છે કે પ્રાર્થના-સત્‌કર્મરૂપી જળ સિંચન કરવું છે!

અંતમાં એક જ વિનંતી તબીયત સુધારા પર છે. પણ અશક્તિના કારણે બોલવામાં કષ્ટ થતું હોવાથી કદાચ ફોન ઉપર વાત ન કરાવી શકાય તો ક્ષમા કરજો....

વંદન
- વિશ્વેશ્વરા

# ચાલો વિચારીએ

આપણી જરૂરીયાત જાતે પૂરી કરીએ નહીં અને આપણા મોજશોખમાં આપણી કમાણી વાપરીએ તો શું સ્વાવલંબી છીએ. ના, સ્વાર્થી છીએ. આ તો પેલી વાત જેવું છે વૃદ્ધ બ્રાહ્મણને રાજાએ રથમાં બેસાડી દીધા. પણ બ્રાહ્મણે પોતાનું પોટલું માથે રાખ્યું. રાજાએ કહ્યું કે, ભુદેવ! રથમાં મૂકી દો. ત્યારે તેમણે કહ્યું, ના ના રાજન! તમે મારો ભાર ઉપાડ્યો એ જ ઘણું છે. મારા પોટલાનો ભાર તો હું જ ઉપાડીશ. બધો બોજ તમારા ઉપર ના નંખાય.'' એમ આપણે કહીએ કે હું તો મારા પૈસે મોજશોખ કરું છું. માટે પ્રથમ તમારી જરૂરિયાત પુરી કરો; અથવા જેના દ્વારા પૂર્ણ થતી હોય તેમાં સહાયરૂપ બનો. પછી તમે તમારા મોજશોખ વાહન-દાગીના-દાનના ખર્ચ તમારી કમાણીમાંથી કરો તો જ તમને મોજશોખ કે દાન દક્ષિણા કરવાનો હક છે. બાકી તો તમે તમારી ફરજ ચુકો છો. માટે સૌએ વિચાર કરવો જેથી પરિવારો સંગઠીત બનશે. સંયુક્ત પરિવાર વિખૂટા પડી વિભક્ત પરિવાર નહીં થાય. સંયુક્ત પરિવારની આપણી ભારતીય વૈદિક સંસ્કૃતિ જળવાય રહે એ માટે સૌએ આ વિચારવું જ રહ્યું.

ઘર-કુટુંબ-સમાજ-રાષ્ટ્ર-કે સંસ્થાન ક્યાંય પણ ફરજ પ્રમાણે હક મળે. અને હક ભોગવે તેટલી ફરજ બજાવે તો ક્યાંય ભેદભાવ નહીં થાય અને ભેદભાવ નહીં તો મનદુઃખ નહીં, મતભેદ નહીં.

સમયે તમારી ફરજનું પાલન કરો. નાના છોડને પાણી સિંચન કરવાની ફરજ છે. પણ સમયે પાણીનો કળશ ન સીંચીએ અને છોડ સુકાઈ જાય પછી તેનાં પર પાણીનો ધોધ વહાવો કે પાણીમાં ડુબાડી દો. છોડ જીવીત થવાનો નથી. આવું જ લાગણી ભાવના અને ભક્તિનું છે. સમયે તમારી લાગણી બતાવો તો સામેની વ્યક્તિના હૃદયની ભાવના મુરઝાઈ અને મરી પરવારશે નહીં. અને હૃદયની ભાવના જ સમયે ભક્તિ-શ્રદ્ધા-વિશ્વાસ સ્વરૂપ ધારણ કરશે.

- માઈબાલ







# શ્રી અષ્ટોતર સહસ્ત્ર શિવલીંગ મહાપૂજા પ્રચાર સેવા

માના બાલુડાં, આપણા સદ્‌ગુરુદેવે ઉપાડેલ વિશ્વકલ્યાણની ભાવનાવાળા આ ભગીરથ કાર્યમાં પ્રચાર પ્રસાર અને સેવા અર્થેના પ્રથમ કાર્યક્રમનું શ્રેય શ્રીમાઈ ભક્ત અનસુયાબેન અને અનિલભાઈ વાજા અને પરિવારને જાય છે.

તા. ૧/૧૧ના રોજ ભાવનગર તેઓના નિવાસે શ્રી કેશવભવાની શતકયાગનું આયોજન થયું. પ. પૂ. ગુરુદેવ અસ્વસ્થ તબીયત હોવાથી પધારી શક્યા ન હતા. પણ આ પરિવારે એજ ભક્તિભાવ શ્રદ્ધાથી માઈપાદુકાનું સ્વાગત કર્યું હતું. શ્રી કેશવભવાની શતકયાગ, શ્રી માઈ પાદુકા મહાપૂજા તથા તેઓના મંદિરમાં બિરાજેલ શ્રી આદ્યમાઈ જગતગુરુદેવ કનિષ્ક કેશવ મહારાજ મૂર્તિ સ્વરૂપની મહાપૂજા થઈ હતી. ગુરુગાદી પર પ.પૂ. ગુરુદેવનો ફોટો, તથા ગુરુમૂર્તિ રાખવામાં આવ્યા હતા. સૌએ દર્શન પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ દિવસે માઈ પાદુકા પધરામણી શ્રી કુમારભાઈ તથા શ્રી પ્રદીપભાઈ ને ત્યાં થઈ રહી. સૌ માના બાળકોએ ફરી એકવાર આવા આયોજનની ઈચ્છા વ્યક્ત કરી છે. પણ એ તો માની મરજી.

આપ સૌને વિનંતી આ વિશાળ કાર્યક્રમ માટે આવા પ્રચાર અને સેવાના કાર્યક્રમો ગોઠવો. જેથી શ્રાવણ માસની પૂજા અંગે સેવા થાય. આપણે થોડો ઘણો પ્રયત્ન કરીએ તો સદ્‌ગુરુદેવને દોડવું ન પડે માટે સૌ સહયોગી બનો એ જ પ્રાર્થના.

- વિશ્વેરા

## શ્રી અષ્ઠોતર સહસ્ત્ર (૧૦૦૮) શિવલીંગ મહાપૂજા મહોતી

એક શિવલીંગ યજમાન સેવા રૂા. ૧૫૦૧-

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતિ મીરાંબેન હેમંતભાઈ દેસાઈ | વ્યારા | ૧ |
| ૨. | શ્રીમતિ ટીનાબેન હેમંતકુમાર દેસાઈ | મુંબઈ | ૧ |
| ૩. | ખુશ્બું હેમંતકુમાર દેસાઈ | મુંબઈ | ૧ |
| ૪. | હેમંતભાઈ અમૃતલાલ દેસાઈ | સુરત | ૧ |
| ૫. | માયાબા ડી. ઝાલા | અમદાવાદ | ૧ |
| ૬. | મહેન્દ્રબા આઈ. ચુડાસમા | અમદાવાદ | ૧ |
| ૭. | મયુરસિંહ આઈ. ચુડાસમા | યુ.એસ.એ. | ૧ |
| ૮. | ઉર્વશીબા અમિતસિંહ રાઠોડ | વડોદરા | ૧ |
| ૯. | બિનાબેન જીવણભાઈ ક્લાર્ક | અમદાવાદ | ૧ |
| ૧૦. | રમાબેન શાંતિલાલ પટેલ | અમદાવાદ | ૧ |
| ૧૧. | શ્રીમતિ સવિતાબેન કે. ડી. પટેલ | અમેરીકા | |
| ૧૨. | સવિતાબેન હીરુભાઈ પટેલ | સુરત | ૧ |
| ૧૩. | જયશ્રીબેન સંજયકુમાર પટેલ | અમેરિકા | ૧ |

- ***આત્મવિશ્વાસ નથી તેવો જીવ કશું જ કરી શકવાનો નથી. જેણે ઊર્ધ્વ માર્ગે જવાનું છે તેવો જીવ જો લાચારીની વાતો કરે તો જાણવું કે એમાં કશો આત્મવિશ્વાસ પ્રગટ્યો નથી. આત્મવિશ્વાસ તો લાચારીને ક્યાંય ફગાવી દે છે!***

- ***યોગ્ય વિચારોમાં એટલી સર્જકશક્તિ છે કે તે ધાર્યુ પરિણામ લાવવા માટે અનુકૂળ પરિસ્થિતિ ઉપજાવી શકે છે. યોગ્ય વિચારોમાં એવું પ્રાબલ્ય હોય છે કે તે જીવનમાં આચારમાં પણ ઘણો ફેરફાર કરી મૂકે છે.***







# યંત્ર પ્રભાવ

- શ્રી સ્વામી શાસ્ત્રીજી

ભારતનો પવિત્ર ભૂભાગ વિશેષ સાન્નિધ્યસહિત મંદિરોથી ભરેલો છે. એ મંદિરોમાંથી અનેકની પ્રતિષ્ઠા દેવલોકો અને મુનિઓ દ્વારા થયેલી છે. એ વાત સર્વને માલુમ છે કે એ મંદિરોમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓની નીચે આ અલગ રૂપથી તે તે મૂર્તિથી સંબંધિત એક યંત્ર પણ પ્રતિષ્ઠિત છે. જેનાથી એ માલુમ થાય છે કે પ્રતિષ્ઠિત કરાયલી મૂર્તિ અને યંત્ર એ બન્નેની વચ્ચે કંઈ ને કંઈ સંબંધ જરૂર છે.

વિચાર કરતાં એટલું સમજાય છે કે એ સંબંધ શું છે? અરૂપી ભગવાનને જોવું યા ભક્તિથી તેમની પ્રાર્થના કરવી સંભવ નથી પરંતુ જે જે આકાર યાને સ્વરૂપ અમારી આંખોને સામે જોવામાં આવે છે, તે સર્વ ભગવાનના જ અવતાર છે. જેનાથી ભક્ત લોકોનું ધ્યાન સ્થિર થઈ શકે છે. આ વાત શાસ્ત્રો પર આધારીત છે.

જેમ મનુષ્ય શરીરમાં સ્થૂલ અને સૂક્ષ્મ શરીર હોય છે, તેમ ભગવાનની બનાવટી મૂર્તિઓમાં પણ હોવું જોઈએ. તે અનિવાર્ય છે જેથી બનાવટ કરેલી મૂર્તિના હાથચરણાદિ ભાગ સ્થૂલ શરીર છે, તે સગુણ આકાર છે. લિંગ સાલિગ્રામ આદિ સગુણ નિરાકાર છે. કારણ તેમાં શરીર અંતર્યામી રૂપથી છે એ પ્રકાર તેમને માનવામાં આવે છે.

વાસ્તવિક શિવ-સ્વરૂપ એ શરીરોથી અલગ છે. સ્થૂલ શરીર જે ચીજોમાં જોવામાં આવે છે તે છે કર-ચરણાદિ. સૂક્ષ્મ શરીર કર્મેન્દ્રિય,

જ્ઞાનેન્દ્રિય, મન, મનની અવસ્થા-ભેદનું અંતકરણ, બુદ્ધિ મન, ચિત્ત, અહંકાર આદિનું સમિષ્ટ છે. એનાથી બનેલું સૂક્ષ્મ શરીર જોવામાં નથી આવતું અને જોયા વિના પણ નથી રહેતું. આ સુક્ષ્મ શરીર મનોમય છે. આ કારણ એમ માનવામાં આવે છે કે મંદિરની પ્રતિષ્ઠિત મુર્તિઓમાં કર-ચરણાદિ સ્થૂલ શરીર છે અને જ યંત્ર છે તે સૂક્ષ્મ શરીર છે.

સૂક્ષ્મ શરીરના મનની અવસ્થા ભેદ પંચ ભૂતોના સત્યાંશ-સહિત બને છે. પ્રત્યેક યંત્રમાં બિંદુ, ત્રિકોણ, ષટકોણ, વૃત્ત અને ચતુરસ્ત્ર આદિ હોય છે, તેમાં બિંદુ આકાશનું, ત્રિકોણ અગ્નિનું, ષટકોણ વાયુનું, વૃત્ત જળનું અને ચતુરસ્ત્ર ભૂમિનું દ્યોતક છે તેના અતિરિક્ત વિદ્યમાન દશ મનોવૃત્તિઓને બતાવનાર હોય છે. એ યંત્ર અમારી કાલ્પનિક મુર્તિઓના સંબંધમાં અલગ અલગ રૂપથી કંઈક શાસ્ત્રોમાં કરેલ છે. એ યંત્રોની પ્રતિષ્ઠા સોનું, ચાંદી, તાંબુ અને પંચ લોહના પતરા પર લખીને બને છે.

જો કોઈ એ પુછે કે મુર્તિના યંત્રની ઉપર લીખીત કોઈ પણ ધાતુના પત્રમાં લખવાથી શું તે યંત્રમાં ચેતન્ય આવી જાય છે? તો એનો ઉત્તર એ છે કે ચેતન્ય જ્ઞાતા સદ્ગુરુ પાસે હતા જેથી ઠીક થયું નહીં તો દિક્ષિતજીની શી દશા થાત. તેમને ઘેર લાવવામાં આવ્યા અને ત્યારથી તે અમારે ઘેર જ રહ્યા.

પ્રયોગ ભ્રષ્ટ થવાથી હાનિ એ થઈ કે, દીક્ષિતજી વિક્ષપ્ત થઈ ગયા. કોઈ વ્યવહારિક કામમાં ઉપયોગી ન રહ્યા.તેમને આહારસિદ્ધિ થઈ ગઈ. બસ ખાધા જ કરે. જ્યાં સુધી તેમેન કોયલો ખવરાવવામાં ન આવે ત્યાં સુધી ખાવાનું બંધ ન કરે, મારાં દાદી જેથી તેમને ભોજન કરાવતાં ને મનુષ્ય ખોરાકનો અંદાજ થતાં કોલસો ભાણામાં મુકી દેતા; જેથી કોલસો ખાઈ દીક્ષિતજી ભાણા પરથી ઉઠી જતાં. દાદીના દેહાન્ત બાદ મારા માતા





તે કામ કરવા લાગ્યાં.

એક દિવસ માતાનો હાથ ચોકખો ન હતો. જેથી ભાભી અને મોટી બેનના હાથમાં રસોઈઘર આવ્યું. બીજી બહેનો તથા પાડોશની દીકરીઓ પણ રસોઈ કરવા બેસી ગઈ. પોતાની રસોઈની પ્રશંસા કરાવવા સૌ જહેમત ઉઠાવવા લાગી. ભોજન તૈયાર થઈ ગયું. જગદંબાને નૈવેદ્ય ધરાવ્યું. પછી સૌ પહેલાં દીક્ષિતજીને જમવા બેસાડી દીધા. દીક્ષિતજીને સૌ પ્રથમ જમવા બેસાડવાનો ઘરનો નિયમ હતો. મંડળીને દીક્ષિતજીની આહારસિદ્ધિની ખબર નહીં. પંદર માણસનું રાંધેલું તે જમી ગયા.છેવટે કંટાળીને કાચા ચોખા ભાણામાં મૂક્યા તે પણ ખાઈ ગયા. કાચા ચોખા દીક્ષિતજીના ભવાં ચઢી ગયા હતાં. હજુ દીક્ષિતજી હાથ ધોતા નથી જેથી મંડળી ગભરાઈ. બહાર બીજા ખંડમાં બેઠેલાં માતાને આ સમાચાર મળ્યા તેઓ તુરત આવ્યા અને દૂર રહીને કોલસાનો કટકો થાળીમાં ફેંક્યો કે દીક્ષિતજી તે ખાઈને તુરત ઉભા થઈ ગયા. આ બધું નાની ઉંમરમાં નજરોનજર જોયેલું છે. તેનું રહસ્ય સમજ્યો નહીં.

મારી ઉંમર થતાં માતાજીએ જણાવ્યું કે,જીવનમાં કોઈ દિવસ કામ્યપ્રયોગ કરીશ નહિ અને ક્રુરતાપૂર્ણ તામસિક,પતનકારી ષટકર્મ-મારણ, મોહન વિગેરેની તો વાત જ ન કરવી. સર્વ કર્મ સાત્વિક બુદ્ધિથી સર્વ મંગલાર્થ અને શ્રી જગદંબા પ્રત્યર્થ જ કર્યા કરો. જગદંબાની પ્રીતિ થતાં મનુષ્યને અપ્રાપ્ય શું થઈ શકે છે? ''યોગ ક્ષેમ વહામ્યહમ્'' ''અનન્ય થઈને જે મારી ઉપાસના કરે છે તેનું યોગશરણમાં જનારા ઓછા છે ને કામ્યકર્મો-કોઈને ધન, સંતાન, સ્ત્રી, વશીકરણ, મારણ મોહન વિગેરેમાં પડી જાય છે. દીક્ષિતજી જેવી દશા ઘણાની થાય છે. ને જીવન વેડફી નાખે છે. સારો રસ્તો ''જગદંબ શરણં ગચ્છામિ'' નો જ છે.



# સત્સંગ

- શ્રી આદ્યમાઈ જગતગુરુદેવ

## ૪૦ માનો પ્રસાદ સમજો

દુર રહેવું તેનો અર્થ એવો નથી થતો કે સંબંધીઓથી દુર રહેવું, પ્રવૃત્તિથી દુર રહેવું. જે લાલચ વળગે છે. તેનાથી જ દુર રહેવું બાકી દુનિયાનો ત્યાગ કરવાનો નથી.સંસારનાં કાર્ય વ્યવહારમાં, ભક્તિના કાર્ય વ્યવહારમાં ધન, માન અને કીર્તિ મળે તેનો ઉદાસીન વૃત્તિથી સ્વીકાર કરવો, અથવા આનંદથી સ્વીકાર કરવાની પણ એક રીત છે. "આ બધું માજ તેના હજારો હાથોએ એટલે કે બીજાઓ દ્વારા" આપી રહી છે, અને તે બધું તેનું જ છે, તે ભાવે પાછું માને સમર્પણ કરી પ્રસાદ રૂપે ગ્રહણ કરવું એટલે જેમ પ્રસાદનો સ્વીકાર તુલસીપત્ર જેટલો થાય છે તેમ સ્વીકાર કરવો. આવી ભાવનાથી વાંધો નહિ આવે. ભાઈ, આજે તો જોઈએ છીએ કે, ભક્તિના પડદા પાછળ ભલભલા તે પદાર્થોની પાછળ પડે છે, તેમ ખાસ ખોળતા જવું નહિ. લોભના પદાર્થો વિષે બેદરકાર રહીને પોતાના પંડની, કુટુંબની અને દુનિયાદારીની ફરજો બજાવવી.

## ૪૧. સંન્યાસ દેહનો નહિ પણ મનનો લો.

સંન્યાસ દેહનો લીધા કરતાં મનનો લેવો જેથી ઘરમાં રહેવા છતાં પણ બહાર છીએ તેમ રહી શકાય. આપને લાગે છે કે, ગૃહસ્થાશ્રમ





ઉપર કેશવ કેમ ભાર મુકે છે? જુઓ ગૃહસ્થાશ્રમીઓ ધારે તો બધું કરી શકે છે, યજ્ઞયાગાદિ કરાવી શકે છે, અતિથિઓને પોષી શકે છે, કુટુંબની ફરજ અને બ્રહ્મચારીઓને આશ્રય આપી શકે છે. તે સેવાનું ફળ ઓછું નથી. સંતોની સેવાથી સંસારના તાપ સમી જાય છે. જે ઘરમાં અપમાન થઈ રહ્યું છે, તે ઘરમાં અપમાન સહન કરીને રહેવાથી આપણો ગર્વો રહ્યો સહ્યો હોય તો પણ તે નષ્ટ થઈ જાય છે. પિતા કરતાં પુત્ર સવાયો થાય તેવી પિતાની ઈચ્છા હોય પરંતુ એ ઉછળતા પુત્રો તેનો અર્થ અવળો લઈને "હું સવાયો થઈ જ ગયો છું" તેવો ખોટો ખ્યાલ લાવીને પોતાને જ્ઞાની મનાવવા મિથ્યાવાદ કરે છે. ભાઈ, શાંતિ રાખો, અને તમારો ઊભરો મા પાસે એકાંતમાં ઠાલવશો એટલે હૃદય હળવું બનશે.

## ૪૨ ધ્યાન અને સમાધિ

ધ્યાન અને સમાધિ એ બેમાં ફરક છે, ધ્યાનમાં આપણે અને મા, 'હું અને તું' આ બંનેનો ખ્યાલ રહે છે, ધ્યાનમાં પણ પ્રથમ શરીરને ભુલવાનું હોય છે, એક માત્ર નાનું બીંદુ જેને 'હું' સ્વરૂપ કહીએ તે રહે છે. પરંતુ ધ્યાનમાં આગળ જતાં સમાધિ લાગે છે ત્યારે કેવળ મોટું બીંદુ મા સ્વરૂપ-તું સ્વરૂપ છે, તેમાં નાનું બીંદુ 'હું' સ્વરૂપ ભળી જાય છે. અને એ ઉજ્જવળ જ્યોતિ રૂપ એકલું "તું" જ રહે છે. આ ભાવનામાં સાધકની 'અહંતા' સદાને માટે અસ્તિત્વમાં વિલય પામે છે. આપને મનમાં થશે કે પોતે પોતાનું સ્વરૂપ કેમ ભુલાય? તો તે વિષયમાં જણાવવાનું કે, બહુ વર્ષે, મોટી ઉંમરે ઘેર પુત્ર જન્મ થતાં માતાપિતા હર્ષમાં પોતાનો સમસ્ત વ્યવહાર, બધો આનંદ એ બાળક પરત્વે ઠાલવે છે અને પોતે પોતાને ભુલી જાય છે, જેમ પતંગ પ્રકાશને જોતાં પોતાને

ભુલી દિપકમાં ઝંપલાવી પોતે ભસ્મ થઈ જાય છે, તેમ સાધક ધ્યાનમાં ને ધ્યાનમાં પોતાનું અસ્તિત્વ માનું સૌંદર્ય નિહાળવામાં ભુલે છે. અંતે “હું અને તું’ ની ભાવના દુર થતાં કેવળ ‘તું’ મા એકલી રહે છે. અભ્યાસ અને હૃદયની શુદ્ધતાથી તમે તે પ્રમાણે કરી શકશો.

**૪૩ ભક્તની સ્થિતિ.**

જે દશા અત્યારે થઈ રહેલી છે. તેમાં વહેમ ના માનશો. માના ભક્તોને ભૂત વળગતાં નથી. તેમની તે ઉન્માદ અવસ્થા છે. ઉન્માદ બે પ્રકારે આવે છે. એક આનંદથી અને બીજો વિરહથી. આનંદની લાગણીથી આવતા ઉન્માદમાં ભક્ત પોતાના હૃદયમાં માને રમી રહેલી નિહાળે છે. ભક્ત ગમે તે સ્થિતિમાં હોય તો પણ તે માનું નામ ભૂલતો નથી. નેત્રો બંધ કરે તો પણ તેને માનાં દર્શન જ થાય છે. તેનું બધું વ્યવહારિક ડહાપણ પરવારી ગયેલ હોય છે. બધાં તેને ગાંડો કહે તેની તેને પરવા હોતી નથી. અંતિમ સમયે તે માને પણ ગાંડી માની તેના દર્શન ઈચ્છે છે. અને ખરેખર તેવાઓ માટે મા પ્રેમ-ઘેલી બની જાય છે. વિરહની તીવ્ર લાગણીથી જ્યારે ઉન્માદ આવે છે, ત્યારે ભક્ત મા મા પોકારતાં છાતીફાટ રહે છે. ગાઢ નિઃસાસા મુકે છે. જ્યાં દૃષ્ટિ પડે ત્યાં એક સ્થળે સ્થિર દૃષ્ટિ કરી જોયા કરે છે, શરીરે પરસેવો થઈ જાય છે, વિરહાગ્નિથી તેનું હૃદય બળે છે, પરંતુ શરીર બળીને ભસ્મ થતું નથી. તેને શું કરવું તે સૂઝતું નથી. ઘડીમાં શાન્ત તો ઘડીમાં મોટી બુમો પાડે છે. રાત્રિ દિવસનું પણ તેને ભાન હોતું નથી. પ્રથમ વિરહ ઉન્માદ અને પછી આનંદ ઉન્માદ હોય છે. બંનેમાંથી એક ઉન્માદ છે માટે તેઓ જે કરતાં હોય તે કરવા દેજો.







# આત્મદર્શન

**વૃત્તિ અને વૈરાગ્ય**

(વર્ષ-૭૩ ભાદ્ર અંકથી આગળ)

ગુરુએ બીજા શિષ્યને પૂછ્યું, ‘બેટા તું?’

‘દેવ ! મને લાગે છે કે તેઓ પતિપત્ની છે. હજુ એમની વિષયવાસના શમી નથી. પરસ્પર અત્યંત અનુરાગી છે. અહાહા કેટલો બંનેમાં પ્રેમ છે? બંને પલભર પણ એકબીજાથી અળગાં નથી રહી શકતાં. એટલે હું તો તેમનામાં પતિપત્ની તરીકેનો સંબંધ હશે એમ કલ્પું છું.’

ગુરુની નજર ત્રીજા શિષ્ય ઉપર પડી.શિષ્યે જવાબ વાળ્યો, ‘ગુરુજી! મને એમ લાગે છે કે આ બંને ભાઈ બહેન હશે. અગર જો તેઓ ભાઈબહેન ન હોય તો જાહેરમાં આ રીતે બેસવાની હિંમત ન કરી શકત. એટલે મારી મતિ પ્રમાણે તો મને તેઓ ભાઈબહેન લાગે છે!’

ને છેક છેલ્લે ગુરુએ ચોથા શિષ્યને પણ એ જ પ્રશ્ન પૂછ્યો. ચોથાએ નમ્ર સ્વરે કહ્યું, ‘હે પ્રભુ! તેઓ કોણ છે એ હું કઈ રીતે કહી શકું? હજી હું પોતે કોણ છું એ સમજી શક્યો નથી ત્યાં તેઓ કોણ છે એમ ક્યાંથી સમજી શકું? મારી વૃત્તિને હું સમજી શકું કદાચ, તેમની વૃત્તિ કેવી હશે એની મને શી ખબર? અને જો તેમની વૃત્તિ હું ન સમજી શકતો હોઉં તો એમના વિષે ગમે તેવો જવાબ કઈ રીતે આપી શકું દેવ? અને ગમે તેવો જવાબ આપું તો મારો આત્મા કબૂલે કઈ રીતે? માટે પ્રભુ. હું આપના પ્રશ્નો જવાબ આપી શકવા શક્તિમાન નથી, માટે ક્ષમા કરજો. દેવ! હું મને પોતાને પામી શકું તો ય ઘણું.’

ગુરુ પોતાના છેલ્લા શિષ્યને પ્રત્યુત્તર સાંભળી પ્રસન્ન થઈ ઊઠ્યા. એમનું હૈયું પોતાના આ સાચા હીરાને જોઈ નાચી ઊઠ્યું. શિષ્યને તેણે ગળે લગાવી દીધો. પોતાના કંઠમાં પડેલી માળા શિષ્યને પહેરાવી દીધી ને બોલ્યા, 'વાહ, બેટા વાહ! તારા જવાબે હું અતિ પ્રસન્ન થયો છું. તું તારી વૃત્તિઓને જીતી શક્યો છું અને પોતાના આત્માને પામી શક્યો છું. બેટા ! તું હવે 'મા' જગદંબાનો સાક્ષાત્કાર કરવા લાયક છે. મા' તારી ઈચ્છાપૂર્ણ કરે એ જ અભ્યર્થના!'

ગુરેએ આ બધા શિષ્યોએ આવા જવાબો કેમ આપ્યા, એનો નીવેડો લાવવા દરેકને પોતાનો પૂર્વ વૃત્તાંત પૂછ્યો.

પ્રથમ શિષ્યે કહ્યું, 'ગુરુદેવ ! હું આપનો શિષ્ય થયો તે પહેલાં ભયંકર પાપી માણસ હતો. જગતની નજરે હું બદનામ હતો. વ્યભિચારી હતો, જુગારી, ચોરી, ખૂન બધું જ હું કરી છૂટ્યો હતો છેવટે મને થયું કે હવે આ જગત મને જીવવા નહીં દે આથી મેં સાધુ થવાનો વિચાર કર્યો. કારણ કે જગતમાં રહેવું મારા માટે મુશ્કેલ હતું. અલબત્ત મારી વૃત્તિઓનું શમન થયું ન હતું. છતાં પરાણે મારી વૃત્તિઓને દબાવી, જીવને બચાવવા હું સાધુ થઈ ગયો. આથી જ ગુરુદેવ મેં આવો જવાબ વાળ્યો છે. મારું પૂર્વજીવન પણ ખરાબ આચરણવાળું હોવાથી મને બધું એવું જ દેખાય છે એમ હું કહી શકું ને તેથી જમારો જવાબ આવો હતો.'

બીજાએ કહ્યું, 'દેવ! હું સાધુ થયો એ પહેલાં એક સંસારી, ગૃહસ્થ હતો. મારે પત્ની હતી આ પત્નીએ કદી મને સંતોષ આપ્યો નથી. હમેશાં એણે મારો તિરસ્કાર કર્યો છે. મારી સાથે હંમેશા ઝઘડા કર્યા છે. મને હેતાળ પત્નીની ખ્વાઈશ હતી. ત્યારે મારા કિસ્મતે મને આવી પત્ની વળગાડી. મારી વૃત્તિઓનું પરિપોષણ આવી પત્નીને કારણે થઈ શક્યું નહીં. છેવટે પત્નીના અતિશય ત્રાસથી કંટાળી હું આપની પાસે





આવ્યો ને આપનો શિષ્ય થયો.આ કારણે જ મેં આવો જવાબ વાળ્યો. હું જ્યારે કોઈ સ્ત્રી પુરુષને જોઉં છું ત્યારે મને થાય છે કે અહા! કેટલું સુખી જોડું છે. મેં અભાગીયાએ એવાં તો કેવાં પાપ કર્યાં હશે કે મને આવી પત્ની ન મળી? આથી હજી ય મારી વૃત્તિ સારી પત્નીની પ્રાપ્તિમાં ઘૂમ્યા કરે છે.'

ત્રીજાએ પોતાનું પૂર્વવૃત્તાંત કર્યું તે આ પ્રમાણે છે; 'હું એક ખાનદાન કુટુંબમાં જન્મ્યો હતો.મારા પિતા સારા એવા ધનવાન હતા. મારે માત્ર એક બહેન હતી. પિતાનો અંત સમય આવ્યો. પિતાએ મને કહ્યું, 'બેટા! જો મારી આ મિલકત છે એમાંથી અડધી તારી બહેનને આપજે. રોકડ એક લાખ જેટલી છે, એમાંથી પચાસ હજાર બહેનને આપજે કે જેથી એ પણ પોતાની જીંદગી સારી રીતે ગુજારી શકે.' પિતાનું પ્રાણ-પંખી અનંત ધામી યાત્રાએ ઉપડી ગયું. પિતાના મૃત્યુ બાદ મને થયું કે આ મિલકતમાંથી અડધી બહેનને આપવી પડશે. એનાં કરતાં બહેન ના હોય તો કેવું? આ દુષ્ટ વૃત્તિ મારામાં ઉદ્‌ભવી. ધીમે ધીમે આ વૃત્તિ મોટું ઘેઘૂર વૃક્ષ થઈ ગઈ. મેં નક્કી કરી નાખ્યું કે મારે બહેનને સ્વધામ પહોંચાડી દેવી જ જોઈએ. આમ વિચાર કરી એક દિવસ બહેનને મેં મારી નાખી. બસ ગુરુદેવ! ત્યારથી મારા આત્માને શાંતિ નથી. શાંતિ મેળવવા માટે આપની પાસે આવ્યો. ભગવાં ઓઢ્યાં છતાં મનને શાંતિ નથી. જ્યાં જ્યાં સ્ત્રી-પુરુષ જોઉં છું ત્યાં ત્યાં મને મારી બહેન સાંભળે છે ને તેથી જ મેં આપને આ પ્રમાણે જવાબ આપ્યો છે દેવ!'

ચોથાનો જવાબ સીધોસટ હતો. એણે કહ્યું, 'પ્રભુ! હું ચારે આશ્રમો ભોગવીને, મારી વૃત્તિઓને પૂરેપૂરી જાણી લીધી છે. મારી વૃત્તિઓ શમી ગયા બાદ મેં સંસારનો ત્યાગ કર્યો છે. મારી વૃત્તિઓ શમી જતાં મને મારા આત્મદર્શનની ઈચ્છા જાગી અને તેથી આપની

પાસે આવ્યો. આપનો શિષ્ય થયો. '

ગુરુએ કહ્યું, 'સાચી વાત છે બેટા! વૃત્તિઓનું પરાણે શમન કરવાથી પોતાના આત્માને પામી શકાતો નથી. મન અધૂરી રહેલી વૃત્તિઓમાં જ ભટક્યા કેર છે. ભલે પછી ભગવા વસ્ત્ર પરિધાન કરો, આ જગતમાં ભટક્યા કરો. પેલી ખાલી તપેલીમાં જેમ વીંછી આંટા માર્યા કરે તેમ આ તનની તપેલીમાં વૃત્તિઓ આટાં માર્યા કરે છે. આથી જ ક્યારેક સાધુત્વ લજવાઈ ઊઠે છે. સાધુત્વ ખરાબ નથી બેટા, સાધુ થનારની વૃત્તિઓ ખરાબ હોય છે. માટે પહેલાં વૃત્તિઓને જોઈએ એટલા ભોગ માણવા હોય તો માણી લેવા દો એ પૂરેપૂરી શમે, અને જ્યારે સંસાર ત્યાગવાની ઈચ્છા થાય, તમારી વૃત્તિઓ પૂરપૂરી નિર્લેપ થાય પછી જો આત્મદર્શન પ્રતિ પગલું ભરવામાં આવે તો જ આત્મદર્શન થઈ શકે છે. માટે બેટાઓ વૃત્તિઓનું પ્રથમ શમન ત્યારબાદ જ આત્મદર્શન. આત્મદર્શન પછી આપણે પરમકૃપાળી પરબ્રહ્મ માઈનાં દર્શન!'

વૃત્તિના વિવિધ પ્રકારો અને એના વિવિધ દોષો સમજવા છતાંય આપણે આપણી વૃત્તિઆનું શમન નહીં કરીએ તો વૃત્તિના શમન સિવાય વૈરાગ્ય એ ક્ષણિક વૈરાગ્ય અને ક્ષણિક વૈરાગ્યના જ્ઞાનથી આપણને આત્મદર્શનની માત્ર પ્રતીતિ થઈ શકે. પરંતુ આત્મદર્શનની પૂર્ણ પ્રાપ્તિ એ વૃત્તિના સંપૂર્ણ શમન પછી વિશુદ્ધ વૈરાગ્ય દ્વારા જ આત્મદર્શન થઈ શકે છે. આત્મદર્શન પછી વૈરાગ્ય અને વૃત્તિઓ બંને આત્માને આધીન થઈ જતાં એ જ આત્મતત્વ દ્વારા આપણે વૃત્તિઓથી પર રહેવા વિશુદ્ધ, પરિપૂર્ણ અનંત વિહારિણી માઈના દર્શન પામી શકીએ. મા'ના બાલુડાં! વૃત્તિ અને વૈરાગ્ય અંતે તો માત્ર એક ભગવતી પરામ્બાની ઈચ્છા જ છે. અને એ ઈચ્છાને આધીન થયા સિવાય વૃત્તિ, વૈરાગ્ય, આત્મદર્શન અને માઈ દર્શન સમજવું મુશ્કેલ છે.





# સ્તોત્રપાઠની ઉપયોગિતા

- પં.શ્રી લલન પાણ્ડેય

**સાહિત્ય પુરાણાચાર્ય સાહિત્યાલંકાર**

પુનીત પુસ્તકોનો પાઠ કરવો,જેમાં આપણી આરાધ્ય માતાનુંજ યશોગાન અને મહિમાનું વર્ણન છે.એ એક મહાન ધાર્મિક કર્તવ્ય છે.જેનાથી આપણા આત્માની શુધ્ધિ થાય છે.એટલુંજ નહિ પણ પુસ્તમાં વર્ણિત ચમત્કારપૂર્ણ શક્તિનું આપણામાં સંચાર થાય છે.આપણાથી મહાન આત્માઓનું ગુણગાન કરવું,તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરવું,તેમના ચારિત્રિક ચમત્કારનું વિશ્લેષણ કરવું વર્ણન અને શ્રવણ કરવું જેથી આપણી બુધ્ધિનો વિકાસ થાય છે,કારણ કે કોઇનો ગુણોને સાંભળવાથી આપણામાં બુધ્ધિ આવે છે અને જેમ તેમ નથી કરતા તેમનામાં બુરાઇ ઘર જમાવી બેસી જાય છે.એટલા માટે કહેલ છે કે -

**अवणेन बुद्धिः व्यसनेन मूर्खता ।**

" સાંભળવાથી બુધ્ધિ થાય છે,અને બુરી આદત લાગી જતાં મૂર્ખતા આવે છે."

મૂર્ખતા ન આવે અને આપણી બુધ્ધિનો વિકાસ થાય એટલા માટે ભારતીય પોતાના ઈષ્ટદેવતાનો સ્રોતપાઠ અથવા તેના સંબંધી અન્યાન્ય ગ્રથોનો નિત્યપાઠ કરે છે.ઈષ્ટદેવતા તેથી પ્રસન્ન થાય છે કે નહિ,તે તો પોતાના વિશ્વાસ પર નિર્ભર રહે છે.પરંતુ પોતાના ઈષ્ટ યા આરાધ્ય દેવતાઓનો સ્તોત્રપાઠ,તેમના સંબંધમાં કોઇ પુસ્તકનો પારાયણ-પાઠ કરવો તેમાં પ્રમાદ આવી જાય છે,પણ તેમ નહિ કરવું જોઇએ.

પાઠ આદિ કરવું તે માનસિક પૂજા છે.એ એટલી બધી સરળ પૂજા છે કે જેને માટે કોઇને કઇ પરિશ્રમ કરવો પડતો નથી.ધનની આવશ્યકતા

તો એકદમ નથી પડતી.જગ્યા પણ જયાં ઠીક ફાવે ત્યાં બેસી જાઓ.જેનું તમે આરાધન કરો છો તેનું પાઠયપુસ્તક જોઈએ તેમાં નથી મંડપની આવશ્યકતા,નથી કોઈ બાહ્ય આડંબરની આવશ્યકતા,ઉપાસકને કોઈની પાસે કંઈ યાચના પણ નથી કરવી પડતી.નથી કોઈની સેવા-સુશ્રૂષા કરવાની.માત્ર આરાધ્ય માતાના પુસ્તકની જ આવશ્યકતા છે.તેમના પાઠથીજ જપ,યજ્ઞ.દાન.ધ્યાન અને તપ સર્વ કંઈ થઈ જાય છે.પાઠ કરનાર પોતાના ઉપાસ્ય દેવતાના પાઠ દ્વારા આશીર્વચન પ્રાપ્ત કરે છે.પોતાના આત્માને પણ આરાધ્ય દેવતાના પાઠથી નિર્મળ બનાવે છે.જેથી તેનાં સર્વ પાપો ભસ્મીભૂત થઈ જાય છે અને તે વિશુધ્ધાત્મા બનીને પાઠની દ્વારજ મહાયોગી બની જાય છે;કારણ કે માર્કંડેમ પુરાણમાં લખ્યું છે કે -

**निर्मलं केवलो ह्यात्मा महायोग इति स्मृतः॥**

અર્થાત્ પોતાના આત્માને કેવળ નિર્મળ રાખવો એજ મહાયોગ છે.

એટલું નિર્વિવાદ છે કે પાઠ કરનારાઓથી કોઈ દૂરાચરણ નથી થઈ શકતુંઃ કારણ કે તે પુસ્તકો અને આરાધ્ય દેવતાને છોડીને કોઈ બીજાના સંપર્કમાં નથી રહી શકતો કે જેથી તેનો આત્મા કલુષિત થાય.એટલા માટે કહેવામાં આવ્યું છે કે,પોતાના સંબંધમાં જેટલા ગ્રંથ છે તેનો પાઠ કરવો તે માતાની પુજા કરવા બરોબર છે અને તે પુજન ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ ખુશીથી કરી શકે જેમાં કોઈ ખર્ચની જરૂરત નથી.

માતાના સંબંધમાં જેટલાં સ્તોત્ર યા ગ્રંથોનો પાઠ કરવામાં આવે છે,તેના સંબંધમાં લોકોનું કહેવું છે કે,એ પાઠોનો નિત્યપાઠ યા પારાયણ કરવાથી પાઠકોનાં સર્વ પાપનો ક્ષય થઈ જાય છે સાથેજ તેમના આધ્યાત્મિક વિચાર પણ પુષ્ટ થાય છે.વાણી પરિશુધ્ધ અને મેઘાશક્તિનો વિકાસ થાય છે.જે મનુષ્ય માતાની પૂજા,જપ,તપ આદિ નથી કરતો,તે જો માતાના યશોગાનનો નિત્ય પાઠ કરે છે,તો પાઠના પરિણામે તેના





જીવનમાં કોઈ મુશ્કેલી આવતી નથી કારણ કે પાઠ કરવો એ માતાનું એક પૂજન છે.પાઠ અથવા પારાયણ કરનાર માતાનો સ્નેહ પામે છે.એટલા માટે માતાએ બતાવ્યું છે કે -

**पूज्याडहं सर्वदा सेव्या । युष्मामिः सर्व देवहि ।**
**नातः परतरं किंचित् । कल्याणायोपदिश्यते ॥**

અર્થાત્ -"હું દેવી તમો લોકો દ્વારા સદા સેવનીય અને પૂજનીય છું.એનાથી અધિક તમો લોકોના કલ્યાણ માટે બીજો કોઈ ઉપદેશ નથી થઈ શકતો."

પાઠ કરનાર ગમે તે સ્થિતિમાં પરિસ્થિતિ હોય છતાં તે પાઠ ચાલુ રાખે તો માતા તેની ખબર લે છે. દ્દઢ વિશ્વાસ રાખીનેજ પાઠ કરવો જોઈએ કે,હું જે પાઠ અથવા પારાયણ કરૂં છું,તે મારી માતા અવશ્ય સાંભળે છે અને મારી ક્ષણે ક્ષણની પરિસ્થિતિઓને તે જાણે છે.ને મારા યોગક્ષેમને માટે તે ઉપાય શોચતી જ રહે છે.જો આમ ન હોય તો આ કળિકાળમાં જે લોક વિશ્વાસ અને ધીરજની સાથે પાઠ-પારાયણ કરે છે,તેમને સફળતા કયાંથી મળે ? તે મુક અને માનસિક પૂજા માતાને પોતાની તરફ ખેંચે છે.કદાચ માની કૃપા માટે વિલંબ થાય પણ ગભરાવું નહિ.ધીરજ ખૂટવાથી તો અસફલતા મળે છે.પરંતુ જે મનુષ્ય દ્દઢ ભાવનાથી પોતાના પાઠ ચાલુ રાખે છે,તેથી નિષ્કામભાવનાથી પાઠ અને પારાયણ દ્વારા માતાનું સ્મરણ ચિન્તન કરે છે,તેની માતા સ્વયં રક્ષા કરે છે.માતાનું કહેવું છે કે-

**स्मरन्ति ये यत्र तत्र । मां विपतौ भयान्विताः।**
**तस्तित्र गत्बा रक्षामि चक्र हस्तत्वरान्वितः ॥**

અર્થાત્ " જે પ્રાણી ગમે ત્યાં ગમે તે વિપત્તિમાં હોય અને મારૂં સ્મરણ કરે છે,ત્યાં હું ચક્ર હાથમાં લઈને જલદી જઈ તેની રક્ષા કરૂં છું."

(ક્રમશઃ)



# શક્તિવિજય

- શ્રી આદ્યમાઈ જગતગુરુદેવ

(ગતાંકથી ચાલુ)

જગદંબાના ધ્યાનમાં જ રાત્રિ પસાર થઈ ગઈ. પ્રભા ઉગી ને વનમાં પશુપંખીનો કિલકિલાટ ગુફામાં સંભળાવા લાગ્યો. સૂર્યનારાયણદેવના સોનેરી કિરણો પણ ગુપ્ત છીદ્ર દ્વારા પ્રવેશ્યા. મહાત્મા પોતાનું નિત્ય ખટકર્મ કરવા પાસે વહેતી સરિતા તટે જવાનો વિચાર કરવા લાગ્યા પરંતુ નિંદ્રા લેતી યોગિની ને એકલી મૂકી જવું તે તેમને યોગ્ય ન લાગ્યું. તેથી તેઓ ભજન કિર્તન કરવા લાગ્યા. આમ અડધો કલાક વીત્યો ન વીત્યો ત્યાં તો યોગિની 'ઓ મા ! જગદંબા !! દયાળી!!' કહેતા પાસુ બદલી બેઠી થઈ ગઈ. મહાત્માને સામે ઉભેલા જાતે સફાળી ઉભી થઈ ગઈ અને તેમની શાંત પૂર્તિ જોઈ સ્તબ્ધ બની. તેણે નિશ્ચય જ કર્યો કે તે કોઈ મહાપુરુષ જ છે. શરીરની અવસ્થા ઉપરથી તે તેમની ઉંમરનું પ્રમાણ આંકી શકી નહીં. શુષ્ક શાલવૃક્ષ સમાન તેમનો દેહ વૃદ્ધ ક્ષીણ હતો. માથે મોટી સફેદ જટા હતી, બન્ને આંખો ઊંડી ઉતરી ગયેલી છતાં દ્રષ્ટિ તીક્ષ્ણ અને સરળ હતી.

નિસ્તબ્ધતાનો ભંગ કરીને મહાત્મા એ જ ધીમા સ્વરે કહ્યું ''કેમ હવે ઠીક છે ને! માતા !''

'હા જી ગુરુદેવ! મા ભગવતીની કૃપા અને આપના પ્રયત્નથી સારું છે. પરંતુ આપે આ અભાગિણીને શા માટે બચાવી?'

દયાદ્ર વાણીથી મહાત્મા બોલ્યા : 'માતેશ્વરી! સત્ય કહો આપ





કોણ છો? યોગિની વેશમાં આપ સામાન્ય માનવ તો નથી, છતાં કયા દુઃખે મોઘામૂલા માનવદેહ ને વેડફી નાખવા માગો છો?'

યોગિની બોલ્યા આત્મપરિચય આપવાનું કાંઈ પ્રયોજન નથી. હું તો સૃષ્ટિનું અધમમાં અધમ એક પ્રાણી છું. અંધારામાં અથડાતો ક્ષુદ્ર કિટ છું! પ્રભુ! મારું જીવન જ કેવળ અંધકારમય છે!'

મહાત્મા બોલી ઉઠ્યા, 'ના ! મા ! ના! તમે મહાયોગિની છો! મા! કહો સંતાનથી આપ કેમ ગુપ્ત રહો છો? શું આપનો પરિચય મને નહીં આપો? શું મા! તમે મારો ત્યાગ કરશો? કદાપિ માતા સંતાનનો ત્યાગ કરે ખરી? આમ કહી મહાત્મા ઝીણી દ્રષ્ટિ એ યોગિનીનું હૃદય અવલોકી રહ્યા.'

યોગિની બોલ્યા મહાત્મન્ ! તમે કેમ ભૂલો છો? સંતાનને જોતા તો માતા ગાંડીઘેલી બને છે, તેના હજારો કામો પડતા મૂકી કેવળ બાળકના મુખદર્શન માં જ હર્ષઘેલી માતા મહા આનંદ માને છે! તેના હજારો દુઃખો બાળકની કીલકીલાટ વાણીથી ભૂલી જાય છે, એ માતા સંતાનથી કદાપિ સંતાતી નથી, પરંતુ સંતાન તો સંતાઈ રહે છે! વળી સંતાન માતાનો ત્યાગ કરે છે પણ માએ સંતાનનો ત્યાગ કર્યો એ કાંઈ સાંભળ્યું છે? આજે અનેક સંતાનો માની વિમુખ બની બેઠા છે તે તો મેં નજરે નિહાળ્યું છે! અરે! પ્રત્યક્ષ અનુભવ્યુ છે!' આટલું કહેતા તો યોગિનીની આંખમાંથી દડ દડ અશ્રુ સરી પડ્યા. મહાત્માએ તે સ્પષ્ટ જોયા. તેમણે ચોક્કસ ધાર્યુ કે યોગિની સંતાન વિરહિણી છે. તેમણે કહ્યું માતા ! દુષ્ટ બાળક વિના સ્નેહસરિતા, સંતાનવત્સલા માયાળુ માતાને કોણ ત્યજી શકે? મા! શું તું નથી જાણતી કે આજે તો અમારી માતા ભગવતી ભવાની અમારાથી અવળી થઈ બેઠી છે? નહીં તો અમારા

યોગસાવન ક્યાંથી ભયમાં હોય? ભારતમાં મહિષાસુરે ફરી જન્મ લીધા છે જેથી અમે માની પુજા સરખી પણ કરી શકતા નથી એ શું ઓછો મુલ્ય છે?'

યોગિની બોલ્યા દેવ! આપ જેવા જ્ઞાનીના મુખેથી આવું સાંભળીને આશ્ચર્ય પામું છું. શું કદી માતા તો અવળી થાય ખરી? પ્રેમપૂર્વક હૃદયની વિહવળતાથી માતાને યાદ કરતા મા જરૂર દર્શન આપે છે. તેનું હૃદય એટલું બધું નિષ્ઠુર નથી કે તે બાળકની બૂમ સાંભળ્યા છતાં ચૂપ ઊભી રહે. ભક્તના હૃદયમાં પ્રતિષ્ઠિત થયેલી ભગવતી ભક્તની ઈચ્છા વિના ત્યાંથી અણુમાત્ર અળગી થઈ શકતી નથી. મહિષાસુર જન્મ્યો છે તેમાં દોષ આપણો જ છે. દેવોએ તે દાનવના દુઃખથી મુક્ત થવા સાથે મળીને મા શક્તિ જગદંબાની ઉપાસના કરી હતી, પરંતુ કોઈએ પોતાનું સૂરપણુ છોડીને અસુરપણુ ગ્રહણ નહોતું કર્યું! જયારે આજે આપણે સંગઠન કરીને શક્તિને ઉપાસના તો કરી શકતા નથી પરંતુ ઉલટુ અસુરપણુ કરી રહ્યા છીએ.

મહાત્મા બોલ્યા, મા! તમને અંધારાનો ક્ષુદ્ર કિટ કોણ કહે છે? આપ તો સાક્ષાત જગદંબા સ્વરૂપા છો! ખરેખર જ્ઞાનરૂપિણી સ્વયં ભગવતી છો મા! કહો કહો આટલી નાની વયમાં આ અનુપમ શિક્ષા તમે ક્યાંથી મેળવી?

ભગવંત! શક્તિ-ભગવતી! એ વળી શું? અરે! હું તો પતિતા-સામાન્ય સ્ત્રી છું. ભારતની સ્ત્રીઓ શક્તિ-ભવગતી સ્વરૂપા હતી તે આજે ક્યાં છે? આજે તો કાચની પુતળીઓ જેવી, વિલાસમાં વસી રહેલી વનિતાઓ છે! ક્યાં છે શિવાજીની જનની જીજાબાઈ! આજે કોની કૂખે ધર્મ સંરક્ષક જન્મ્યો? જવા દો પ્રભુ એ બધી વાત. પ્રથમ





આપનો પરિચય આપો. આપ આ સ્થિતિમાં ક્યાંથી? કૃપા કરી જણાવશો પછી હું મારો પૂર્ણ પરિચય આપીશ.

મહાત્મા બોલ્યા, માતા! હું તો એક જગદંબાનો કૃપાકાંક્ષિ બાળક છું. આપ જાણો છો જ કે રાજ્યમાં જગદંબાના ઉપાસકો માટે કોઈપણ સ્થાન શાંતિવાળું નથી. તેના ઉપાસકોને રાજ્યના માણસો શોધતા જ ફરે છે.

યોગિનીએ કહ્યું, હા, તે હું જાણુ છું. ને તેથી જ આપનો પૂર્વપરિચય જાણવા માગતી હતી. મારું સર્વસ્વ નાશ કરનાર એ નરાધમ નૃપતિ છે. કેટલાયે સાધુઓ તેના તાપથી સંસારી બન્યા છે ને તેને જ ઈશ્વર માની રહ્યા છે. તેની પ્રપંચ જાળથી તેના દ્રોહીઓને સાધુઓ જ ફસાવે છે કેટલાક શરણે થાય છે તો કેટલાક ધર્મને પ્રાણ માનનારાઓ તેની સમશેરનો ભોગ બની ધર્મવેદી પર બલિદાન આપે છે.

માતા! તું જ કહે ને કે મા ભવાની આજે અવળી નથી બની બેઠી? કોણ જાણે તે કેમ સહન કરી રહી છે તે સમજાતું નથી?

સમજાશે, હવે જ સમજાશે ઉભા રહો દુષ્ટ નરાધમો! મહાત્મા તે યોગિનીની વાતચીતમાં કોઈ ત્રીજી વ્યક્તિનો પડકાર કરતો અવાજ આવ્યો, તેઓ સાવચેત બને ત્યાં તો નગ્ન તલવાર સાથે પાંચ સિપાઈઓ અંદર તેમને ઘેરી ઉભા રહ્યા. ગુપ્ત ગુફાની અંદર પણ પળવારમાં આ લોકો ક્યાંથી આવ્યા તે તેઓ સમજી શક્યા નહિ. યોગિનીને મહાત્મા પર પ્રપંચલીલા હોય તેને માટે પ્રથમ તો શંકા ગઈ પરંતુ મહાત્માઓ એ તો પડકાર કર્યો કે, અધર્મીઓ! યાદ રાખજો કે તમારા આ કૃત્યનો બદલો જગદંબાના દરબારમાં જરૂર મળશે. એક પાપી પેટ માટે તમે કયા

માર્ગે જઈ રહ્યા છો?

સિપાઈઓ સરદાર વચ્ચે જ બોલી ઉઠ્યો, "મહાત્મા જ્ઞાનની વાતો તમારી પાસે રાખો. બોલો શરણે થાવ છો કે શીર આપો છો?"

મહાત્મા : શરણે? અધર્મીઓના શરણે જવા કરતા તો ધર્મના નામે, મા ભગવતીના નામે મારું શીર આપવું હું શ્રેષ્ટ માનું છું. લે ચલાવ તારી તલવાર. મહાત્માએ શીર નમાવ્યું ને જ્યાં સરદાર તલવાર ઉગામવા જાય છે ત્યાં તો સિંહણની માફક છલાંગ મારીને યોગિનીએ સરદારના મજબૂત હાથમાંથી તલવાર ઝૂટવી અને તે જ તલવારે તેનો શિરચ્છેદ કર્યો. અન્ય સિપાઈઓ યોગિની પર તૂટી પડ્યા, પરંતુ રણે ચઢેલી ચંડીકાની સાથે તેઓ ઝાઝુ ટકી શક્યા નહિ. વારાફરતી બધાયે શક્તિ-યોગિનીની સમશેરના ભોગ બન્યા.

પળવારમાં આ બધુ શું બની ગયું! આટલો વિચાર કરતા મહાત્મા મૌન સેવી યોગિનીના ચરણમાં પડ્યા. ત્યાં તો યોગિની બેશુદ્ધ બની ઢળી પડી. મહાત્મા તેને પવન નાખતા વિચારવા લાગ્યા કે "ખરેખર આ કોઈ દેવી જ છે! તે મારે શરણે આવી હતી પરંતુ હું જ તેનો શરણાગત બન્યો મા! ભગવતી! તારી લીલા કોણ જાણી શકે તેમ છે? તારા વચનનું પાલન કરવા, તું જ આવી હશે તો પણ શી ખબર પડે?"

મૂર્છિત થયેલી યોગિનીને પાસુ બદલતા જોતા મહાત્માના વિચારમાં ભંગ પડ્યો તેમણે પાણી તેમજ અન્ય ઉપચાર વડે યોગિનીને સ્વસ્થ કરી. તેમના નેત્રો ખૂલતા મહાત્મા તેમના ચરણે ફરીથી પડ્યા. "માતા! કહો ! કહો! આપ જ સાક્ષાત ભગવતી જ છો!"

"ભૂલો છો! મહાત્મન ભૂલો છો! હું સાક્ષાત ભગવતી નથી પરંતુ આ દેહ શૈલબાળા નામથી ઓળખાતો હતો."

(ક્રમશઃ)





# આશાના તારા

- શ્રી આદ્યમાઈ જગતગુરુદેવ

સંધીવા વિનાશક મંત્ર

સંધીવા એટલે શરીરના સાંધામાં દુઃખાવો. આખુ શરીર જકડાઈ જાય. આના માટે દવા કરતા હો. ઈંજેક્શન લેતા હોય તો પણ આ પ્રયોગ થઈ શકે છે.

મંત્ર -

"ૐ ક્લીં ક્લીં કં ભં ભવાન્યૈ નમઃ"

(૧) સૌ પ્રથમ સાત દિવસમાં આ મંત્રનું સવાલક્ષનું અનુષ્ઠાન કરવાનું છે. કોઈ પણ શુક્રવારથી પ્રારંભ કરો. રોજની ૧૮૦ માળા કરતાં સવાલક્ષ પૂર્ણ થશે.

(૨) અનુષ્ઠાન કરનારે નીચેના નિયમો પાળવા.

(૧) બીજાનું અન્ન ખાવું નહિ. (૨) અડદની દાળ ને બાજરીનો રોટલો એક વખત જમવાનો. (૩) બ્રહ્મચર્ય પાળવું. (૪) હજામત કરવી કરાવવી નહિ. (૫) પથારીમાં ગોદડુ પાથરી સૂવાય પરંતુ ગોદડા નીચે ઓશીકા આગળ સાત પાન આકડાનાં મૂકવાનાં. સાતે દિવસ તે પાન મૂકી રાખવાનાં. પથારી ઉપાડતાં તે પાન ઉંચે, કબાટમાં મૂકી રાખવાં ને પથારી પાથરતાં તે પાન ગોદડા નીચે મૂકી દેવાં. (૬) આઠમા દિવસે તે જ પાન પર કોલસાને દૂધમાં ઘસી તેની શાહી બનાવી બાળળની કલમે "ૐ ક્લીં ક્લીં કં ભં ભવાન્યૈ નમઃ" મંત્ર સાતે પાન પર એકએક વખત લખવો. પછી તે જ મંત્રથી પૂજન કરવું. એટલે

આકડાનાં પાન પર કંકુના છાંટા, ચોખા તથા ફૂલ ચઢાવવાં. ધૂપ-દીપ તો ચાલુ જ હોય છે. નૈવેદ્ય ખારેકનું ધરાવવું. પછી પાંચ વખત મંત્ર બોલી પગે લાગવું ત્યારબાદ તે દિવસે જે જમવું હોય તે જમી શકાય. પાનને જળમાં પધરાવી દેવાં.

આ પછી બીજા દિવસથી જેને સંધીવા થયો હોય તેને પાન મંત્રીને આપી શકાય.

દર્દી પાસે આકડાનાં સાત પાન મંગાવવા. ને તેના પર કોલસાની શાહી ને બાવળની કલમ વડે સાતે પાન પર એકએક મંત્ર લખીને આપવો. પછી તે સાતે પાન ભેગા કરી તેમાં વચ્ચે બાવળની શૂળ ખોસવી (પરોવવી) ને પછી તે પાન દર્દીના મકાનના છાપરા પર નખાવવાં. આમ કરવાથી સાત કે એકવીસ દિવસમાં સંધીવા મટી જાય છે. બાવળની શૂળ પણ દર્દી પાસે જ મગાવવી. દર્દી લાવી શકે તેમ ન હોય તેથી તેનાં કોઈ સગાં પાસે પાન ને શૂળ મંગાવવી.

---

## - : નમ્ર પ્રાર્થના : -

શક્તિ પરિવારના સ્વજનો, માની કૃપા અને સદ્‌ગુરુદેવના આશીર્વાદથી શક્તિ વર્ષ-૭૪ નો ત્રીજો અંક (માગસર પૂર્ણિમાનો)આપના કરકમલમાં અર્પણ થયો છે. ત્યારે હજુ પણ ઘણાં બધા સ્વજનોનું વાર્ષિક લવાજમ રૂા. ૪૦I- બાકી છે. તો જો આપનું લવાજમ બાકી હશે. તેઓને આગામી પોષપૂર્ણિમા (અંક - ૪) થી શક્તિ મોકલવાનું બંધ થશે. તે ધ્યાન પર લઈ આપનું લવાજમ સત્વરે જમા કરાવવા નમ્ર પ્રાર્થના...

- વ્યવસ્થાપક





## આ માસનું માઈ પંચાગ

| | | |
|---|---|---|
| માગશર સુદ ૧૫ | ૦૨-૧૨-૦૯ બુધવાર | પૂર્ણિમા, શ્રી માઈ ધ્યાન યોગ શિબિર પ્રારંભ, પંચકુંડી નવચંડી માઈ મહા યાગ |
| માગશર વદ ૨ | ૦૪-૧૨-૦૯ શુક્રવાર | શ્રી આદ્ય માઈ જગતગુરુદેવ પ્રાગટ્ય દિન મહોત્સવ. દિક્ષા દિન, શિબિર સમાપ્ત |
| માગશર વદ ૪ | ૦૫-૧૨-૦૯ શનિવાર | સંકટ ચતુર્થી ચં. ઉ. ૨૧.૧૨ મહાપાત વૈધૃતિ ૮.૦૧ સુધી |
| માગશર વદ ૮ | ૦૯-૧૨-૦૯ બુધવાર | ધનુર્માસ પ્રારંભ |
| માગશર વદ ૧૨ | ૧૩-૧૨-૦૯ રવિવાર | પ્રદોષ, અન્નપૂર્ણા વ્રત સમાપ્ત, વીંછુડો |
| પોષ સુદ ૪ | ૨૦-૧૨-૦૯ રવિવાર | વિનાયક ચોથ, ધનુમાં શુક્ર |
| પોષ સુદ ૮ | ૨૫-૧૨-૦૯ શુક્રવાર | દુર્ગાષ્ટમી, શાકંભરી દેવી નવરાત્રી પ્રારંભ, પંચક, નાતાલ |
| પોષ સુદ ૧૫ | ૩૧-૧૨-૦૯ ગુરુવાર | પોષી પૂનમ, અંબાજી પાટોત્સવ, શાકંભરી દેવી નવરાત્રિ સમાપ્ત માઘસ્નાન પ્રારંભ, ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે) પૂર્ણિમા, પંચકુડી યજ્ઞ |
| પોષ વદ ૮ | ૦૭-૦૧-૧૦ બુધવાર | કાલાષ્ટમી, હાલોલ એશિયાડનગર માઈ મંદિર પાટોત્સવ |